**વર્ષ ૨૦૧૮-૧૯ નવી બાબત**

રાજ્યના છૂટાછવાયા વિસ્તારમાં વસતા આદિજાતિ પશુપાલકોને દુધાળા પશુ આપવાની યોજના અંગેની રૂ.૪૮૬.૦૦ લાખની ગ્રાન્ટ મંજુર કરવા બાબત.

# ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: વક્ય/૧૦૨૦૧૮/૧૨૧/પી

સચિવાલય, ગાંધીનગર.

તા.૧૪/૦૬/૨૦૧૮

**વંચાણે લીધા :-**

(૧) **કમિશનરશ્રી આદિજાતિ વિકાસની કચેરી,** ગાંધીનગરનો તા.30/૦૧/૨૦૧૮નો પત્ર ક્રમાંક: આવિ/પશુપાલન/૨૦૧૮/૫.

(૨) **ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી (ડિ-સેગ),** ગાંધીનગરનો તા.૦૩/૦૨/૨૦૧૮નો પત્ર ક્રમાંક: VKY/2018/2459/D-SAG/ 461-463.

(3) **ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી (ડિ-સેગ),** ગાંધીનગરનો તા.૦૫/૦૫/૨૦૧૮નો પત્ર ક્રમાંક: VKY/2018/2458/D-SAG/ 1548-1549.

**પ્રસ્તાવના :-**

રાજ્યના છૂટાછવાયા વિસ્તારમાં વસતા આદિજાતિ પશુપાલકોને દુધાળા પશુ મળી રહે તે માટેની યોજના અંગેની દરખાસ્ત કમિશનરશ્રી આદિજાતિ વિકાસની કચેરી દ્વારા ઉક્ત વંચાણે લીધા ક્રમાંક (૧)થી કરવામાં આવેલ. સદર છૂટાછવાયા વિસ્તારમાં વસતા આદિજાતિ પશુપાલકોની યોજના માટે રૂ.૪૮૬.૦૦ લાખની નવી બાબતની વર્ષ ૨૦૧૮-૧૯માં કરવામાં આવેલ જોગવાઈને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે, રાજ્યના છૂટાછવાયા વિસ્તારમાં વસતા આદિજાતિ પશુપાલકોને દુધાળા પશુ મળી રહે તે માટેની યોજનાના અમલ માટે વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં કરવામાં આવેલ રૂ.૪૮૬.૦૦ લાખ (અંકે રૂપિયા ચારસો છય્યાસી લાખ પુરા) ની નવી બાબતની જોગવાઈને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આ કામના ટેંડર પ્રોસેસીંગમાં સરકારના ઉધોગ અને ખાણ વિભાગના તા. ૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓ અને ત્યારબાદ વખતો-વખત થયેલ સુધારાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આ યોજના હેઠળ ૦ થી ૨૦ નો સ્કોર ધરાવતા ગરીબી રેખા હેઠળના છૂટાછવાયા વિસ્તારોમાં વસતા કુટુંબોની મહિલાઓને લાભાર્થી તરીકે પસંદ કરવાની રહેશે.

(૧૦) આ યોજના હેઠળ લાભાર્થીઓની પસંદગી માટે વર્ષની શરૂઆતમાં જાહેર સમાચાર પત્રોમાં નિવિદા આપી અરજીઓ મંગાવવાની રહેશે.

(૧૧) આ યોજના હેઠળ મળેલ લાભાર્થીઓની અરજીઓ સંબંધિત ખરાઈ તથા મંજૂરીની તમામ કાર્યવાહી સંબંધિત પ્રાયોજના વહિવટદારશ્રી અને મદદનીશ કમિશનરશ્રી / આદિજાતિ વિકાસ અધિકારીશ્રી હેઠળની કચેરી દ્વારા રજુ કરવાની રહેશે. વધુમાં મંજૂર કરેલ લાભાર્થીઓની યાદી સંબંધિત જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ / નાયબ પશુપાલન નિયામકશ્રીની કચેરીને મોકલવાની રહેશે.

(૧૨) આ યોજના હેઠળ મળવાપાત્ર લાભ નીચેની પેટા શરતોને આધીન રહેશે.

૧૨.૧ આ યોજના હેઠળ છૂટાછવાયા વિસ્તારમાં વસતા આદિજાતિ કુટુંબોની મહિલાઓને દૂધાળા પશુ દીઠ રૂ.૫૪,૪૦૦ યુનિટ કોસ્ટ મુજબ લાભ આપવાનો રહેશે.

૧૨.૨ આ યોજના હેઠળ લાભાર્થીઓને ૨ (બે) પશુ સુધી લાભ આપવામાં આવશે. પ્રથમ પશુની લોન રકમના ૬૦% લોન રકમ ભરપાઈ થયેથી બીજુ પશુ મેળવવા માટે લાભાર્થી પાત્ર બનશે.

૧૨.૩ આ યોજના હેઠળ લાભ લેવા માંગતા લાભાર્થીઓએ એક પશુ દીઠ રૂ.૨૦૦૦ લોકફાળા તરીકે આપવાનો રહેશે.

(૧૩) આ યોજના હેઠળ મળવાપાત્ર લોન અને મંજૂરી નીચેની પેટા શરતોને આધીન રહેશે.

૧૩.૧ આ યોજના હેઠળ યુનિટ કોસ્ટ રૂ.૫૪,૪૦૦ ની સામે રૂ. ૨૦,૦૦૦ સુધીની લોન ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ, ગાંધીનગર દ્વારા આપવામાં આવશે. જેનો વ્યાજ દર નિગમ દ્વારા નિયત કરવામાં આવે તે મુજબ રહેશે.

૧૩.૨ આ લોન માટે સબંધિત જિલ્લા કચેરીઓ દ્વારા લાભાર્થીની અરજી સાથે લોન અંગેના જરૂરી આધાર પુરાવા મેળવી નિગમને લોન રકમ માટે રજુ કરવાની રહેશે.

૧૩.૩ આ યોજના હેઠળ આપેલ લોન લાભાર્થી પાસેથી પરત મેળવવાની જવાબદારી સબંધિત અમલીકરણ એજન્સી (ડેરી/પશુપાલન વિભાગ) ની રહેશે.

(૧૪) આ યોજનાનો અમલ જાહેર કરેલ અનુસુચિત જનજાતિ વિસ્તાર, ક્લસ્ટર અને પોકેટ વિસ્તાર સીવાયના છૂટાછવાયા આદિજાતિ વિસ્તારોમાં કરવાનો રહેશે.

(૧૫) આ યોજના હેઠળ પશુની ખરીદી જીલ્લા દૂધ ઉત્પાદક સંઘ અથવા નાયબ પશુપાલન નિયામકશ્રી દ્વારા અમલી કાર્યરીતી મુજબ કરવાની રહેશે તથા તે અંગે લાભાર્થીઓને અમલીકરણ સંસ્થા દ્વારા જરૂરી તાલીમ આપવાની રહેશે.

(૧૬) આ યોજના અંગે અમલીકરણ સંસ્થા દ્વારા લાભાર્થીની પસંદગી, પશુ ખરીદી, નાણાકીય ખર્ચની વિગત વગેરે રેકોર્ડ નિભાવવાના રહેશે. જે અંગેનો નિયત થયા મુજબ દર માસે રીપોર્ટ સંબંધિત જિલ્લા કચેરીને કરવાનો રહેશે.

(૧૭) જિલ્લા કચેરી દ્વારા આ યોજનાના મોનીટરીંગ માટે દર માસે સંબંધિત અમલીકરણ સંસ્થા સાથે બેઠક કરવાની રહેશે, જેમાં માસિક પ્રગતિની સમિક્ષા કરી નિયત સમયગાળામાં યોજનાના લક્ષ્યાંકો પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

(૧૮) આ યોજના હેઠળ જિલ્લા કચેરી દ્વારા દર માસે માસિક પ્રગતિની વિગતો એકત્રીત કરી વડી કચેરીને દર માસની ૫ તારીખ સુધીમાં ગત માસનો અહેવાલ રજુ કરવાનો રહેશે.

(૧૯) આ યોજનાના સરળ મોનીટરીંગ અને પારદર્શિતા માટે જિલ્લા કક્ષાએથી નિયત ઓનલાઈન પોર્ટલ પર જિલ્લાની પ્રગતીની માહિતી ભરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ અંદાજપત્રમાં માંગણી ક્રમાંક: ૯૩ આયોજન, મુખ્યસદર: ૨૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ પેટા મુખ્ય સદર-૦૨ અનુસૂચિત આદિજાતિઓનું

કલ્યાણ, ગૌણ સદરઃ ૧૦૨ આર્થિક વિકાસ, પેટાસદરઃ 15/VKY/19 ડેરી, વાડી, સિંચાઈ યોજના વગેરે ડી-સેગ હેઠળ પ્રોજેક્ટ સુધારણાના અનાવર્તક ખર્ચ હેઠળ ચાલુ નાણાંકીય વર્ષની જોગવાઈમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા. ૧૭/૦૫/૨૦૧૮ની મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.ટી.પટેલ)
ઉપ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

<u>નકલ રવાના</u> :-

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી(આ.વિ.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી,આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી, બિરસામુંડા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઈલ.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ, વેબસાઈટ ઉપર મુકવા વિનંતી સહ.
- સિલેકટ ફાઈલ.
- પત્ર મારફત.